**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૩ /૦૪ / ૨૦૧૮ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૭૧૧/૧૮**

**સાબરમતી વિસ્તારમાંથી જ્વેલર્સની દુકાનમાંથી દુકાનદારની નજર ચુકવી સોનાની ચેઇનની ચોરી કરતી મહીલા આરોપીની ધરપકડ કરી મુદ્દામાલ રીકવર કરી ગણત્રીના કલાકોમાં ગુનાનો ભેદ ઉકેલતી સાબરમતી પોલીસ**

મેં પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સ્પેશ્યલ પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-1 સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-2 અમદાવાદ શહેરનાઓ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેરનાઓ તરફથી મિલકત સંબંધી બનેલ ગુનાઓ શોધવા તથા બનતા અટકાવવા સારૂ મળેલ સુચના આધારે અમારા માર્ગદર્શન હેઠળ અત્રેના પો.સ્ટેના સર્વે સ્કોર્ડના પો.સબ.ઇન્સશ્રી બી.પી.મેઘલાતરનાઓએ સાબરમતી પો.સ્ટે ફસ્ટ ગુના રજીસ્ટર નંબર 41/2018 ઇપીકો કલમ 380 મુજબના ગુનાના કામે એક અજાણી સ્ત્રી ફરીયાદીની સોનાની દુકાનમાંથી ફરીયાદીની નજર ચુકવી એક સોનાની ચેઇન 19.200 ગ્રામ વજનની કિંમત્ત 60,000/-ની મત્તાની ચોરી કરી લઇ ગયેલ હોઇ જે બાબતે તા-11/4/2018ના રોજ ગુનો રજીસ્ટર કરવામાં આવેલ જે ગુનાની તપાસ દરમ્યાન ગુનાના ગુનાવાળી જગ્યાની આજુબાજુમાં ચોર મુદ્દામાલ સંબંધે પુછપરછ કરવામાં આવેલ તેમજ ગુનાવાળી જગ્યાના સી.સી.ટી.વી કેમેરાના ફુટેજ ચેક કરવામાં આવેલ આ દરમ્યાન સર્વે સ્કોર્ડના એ.એસ.આઇ. સુરસિંહ ઉદાજી બ.નં 8671 તથા હે.કો અરવિંદકુમાર માનાભાઇ બ.નં 3942નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે આ ચોરી કરનાર અજાણી સ્ત્રી ભુમીબેન ઉર્ફે ભુમિકા ડો/ઓ ચંદ્રપ્રકાશ સતરામદાસ મોહનાની ઉ.વ.41 રહે મ.નં ઇ/205 શ્રીનંદનગર (બકેરી) વિભાગ -4 વેજલપુર અમદાવાદ શહેરની છે જેથી ઉપરોક્ત પો.સ.ઇશ્રી બી.પી.મેઘલાતરનાઓએ મહીલા પો.કો પો.કો. કોમલબેન રાજેશભાઇ તથા જરૂરી સ્ટાફ સાથે રાખી સદરી મહીલાની તપાસ કરતા ઘરે હાજર મળી આવતા સદરીને ગુના સંબંધે પ્રાથમિક પુછપરછ કરતા કોઇ સંતોષકારક જવાબ આપેલ નહી જેથી સદરીને મહીલા પોલીસ સાથે પો.સ્ટે લાવી યુક્તી પ્રયુક્તીથી પુછપરછ કરતા તેણીએ આ ગુનાની કબુલાત કરતા સદરીને તા-11/4/18ના કલાક 19/00 વાગે અટક કરવામાં આવેલ અને સદરીની વધુ પુછપરછ દરમ્યાન તેણીએ આ ચોરી ઉપરાંત વેજલપુર વિસ્તારમાં આવેલ લાભ જ્વેલર્સમાંથી એક સોનાની ચેન તેમજ તથા આનંદનગર વિસ્તારમાં આવેલ નાકોડા જ્વેલર્સમાંથી એક સોનાની વિંટીની ચોરી કરેલાની કબુલાત કરતી હોઇ જેથી સદરીને સાથે રાખી અત્રેના ગુનાની સોનાની એક ચેન કિંમત્ત રૂપિયા 60,000/- તથા વેજલપુર ખાતેના લાભ જ્વેલર્સમાંથી ચોરી કરેલ એક સોનાની ચેન કિંમત્ત રૂપિયા 32,500/-તેમજ તથા આનંદનગર ખાતેના નાકોડા જ્વેલર્સમાંથી ચોરી કરેલ એક સોનાની વિંટી કિંમત્ત રૂપિયા 11,000/ની મતાની મળી કુલ્લે રૂપિયા 1,,03,500/-નો મુદ્દામાલ રીકવરી કરી કુલ ત્રણ ગુના ડીટેક્ટ કરી ગણત્રીના કલાકોમાં જ આ ગુનાનો ભેદ ઉકેલી આગળની તપાસ પો.સ.ઇશ્રી બી.પી.મેઘલાતરનાઓ ચલાવી રહેલ છે

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

“કે” ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, “કે” ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.